ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/ ૧૧૪-૧૪૮
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૭/૦૧/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- માન. રાજ્યપાલશ્રીના અધ્યક્ષસ્થાને ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે બાયસેગના માધ્યમથી યોજાનાર કાર્યક્રમ બાબત.
સંદર્ભ:- અત્રેની સીંગલ ફાઈલ અન્વયે મળેલ રાજભવન, સચિવાલયના તા.૧૪/૦૧/૨૦૨૦ ના પત્ર ક્રમાંક:ENG-૧૨૨૦-૪૦૬-GS-૨૦.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૦માં લેવાનાર ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા સંદર્ભે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે હેતુથી બાયસેગના માધ્યમથી માન. રાજ્યપાલશ્રી અને માન. મંત્રીશ્રી, શિક્ષણના પ્રેરક વક્તવ્યોનું જીવંત પ્રસારણ કરવામાં આવનાર છે. ઉક્ત કાર્યક્રમનું જીવંત પ્રસારણ તારીખ: **૨૮/૦૧/૨૦૨૦ સમય: સાંજે ૪:૦૦ વાગ્યે** વંદે ગુજરાત ચેનલ નં.-૧૦ પર કરવામાં આવશે.

તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ ઉક્ત કાર્યક્રમનો લાભ લઇ શકે તે માટે આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરશો.

વિશેષમાં જણાવવાનું કે બોર્ડના શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર મુજબ તા.૨૭/૦૧/૨૦૨૦ થી તા.૦૩/૦૨/૨૦૨૦ દરમ્યાન ધોરણ-૯ થી ૧૨ ની પ્રિલિમ/દ્વિતીય પરીક્ષાનું આયોજન થયેલ છે. તા.૨૮/૦૧/૨૦૨૦ ના ઉક્ત કાર્યક્રમ સંદર્ભે જરૂરિયાત જણાય તો તા.૨૮/૦૧/૨૦૨૦ના રોજ લેવાનાર પરીક્ષાના સમય અને તારીખમાં ફેરફાર કરી શકાશે.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.